# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૩૨ તા.૧૩-૦૭-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- Digital Gujarat Portal પરની વર્ષ : ૨૦૧૯-૨૦ ધોરણ ૧ થી ૮ ના SC/ST/OBC વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક મેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાયર યોજનોઓની કામગીરી પૂર્ણ કરવા બાબત.

સંદર્ભ :- (૧) નં.અજાક/ગ-૧/૫/૨૦-૨૧/૩૩૮૬ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો તા.૦૩/૦૭/૨૦૨૦ નો પત્ર.

(૨) ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૦/૩૦૦૪-૯૩ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીનો તા.૦૪/૦૭/૨૦૨૦ નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, ધો.૧ થી ૮ ના પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની એન્ટ્રી ડિજિટલ ગુજરાત પોર્ટલમાં કરવાની તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી થઇ ગયા બાદ રાજયકક્ષાએથી જયારે વિદ્યાર્થીઓના બેંક ખાતાને વેરીફાઇ કરવામાં આવે ત્યારબાદ તમામ વિદ્યાર્થીઓની યોજનાવાર ઓનલાઇન પ્રપોઝલ બનાવવાની સૂચનાઓ જિલ્લાની SC/ST/OBC કચેરીઓએથી અગાઉ આપવામાં આવેલ તેમ છતાં ઘણા મુખ્ય શિક્ષકશ્રીઓ દ્વારા શિષ્યવૃત્તિની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ નથી. સામેલ સંદર્ભિત પત્ર મુજબ વર્ષ ૨૦૧૯-૨૦ના ધો.૧ થી ૮ના SC/ST/OBC ના વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાની એન્ટ્રીની કામગીરી, પ્રપોઝલ બનાવવાની કામગીરી, પ્રપોઝલને ઓનલાઇન સેન્ડ કરવાની કામગીરી સહિતની તમામ કામગીરી તા.૧૫/૦૭/૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. જો કોઇ લાભાર્થી વિદ્યાર્થી શિષ્યવૃત્તિથી વંચિત રહેશે તો તેની સઘળી જવાબદારી જે-તે મુખ્ય શિક્ષકશ્રીની રહેશે. જેની નોંધ લેશો.

બિડાણ :- સંદર્ભિત પત્ર નં.૧ તથા ૨

તા.૧૩-૦૭-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ<br>
શાસનાધિકારી

ખાસ જરૂરી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૦/3004-63
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં- ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર. તા. ૦૪/૦૭/૨૦૨૦

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-Digital Gujarat Portal** પરની વર્ષઃ ૨૦૧૯-૨૦ની SC / ST / OBC વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક મેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય યોજનાઓની કામગીરી પૂર્ણ કરવા બાબત (ધોરણઃ ૧ થી ૮)

**સંદર્ભઃ**- નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ ગુ.રા.ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ અજાક/ગ-૧/૫/૨૦-૨૧/૩૩૮૯, તા.૦૩/૦૭/૨૦૨૦

ઉપર્યુકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તથા આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર હસ્તકની વર્ષઃ૨૦૧૯-૨૦ ની SC / ST / SEBC/ EBC / NT-DNT / Minority જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય યોજનાઓનો અમલ Digital Gujarat Portal પર શાળાના આચાર્યશ્રીઓ પાસેથી ઓનલાઇન દરખાસ્તો મંગાવામાં આવેલ છે.

ઉક્ત બાબતે પ્રાથમિક શાળાઓને તમામ પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની એન્ટ્રી ડિજિટલ ગુજરાત પોર્ટલમાં કરવાની, તમામ વિદ્યાર્થીઓની એંટ્રી થઇ ગયા બાદ રાજ્યકક્ષાએથી જ્યારે વિદ્યાર્થીઓના બેંક ખાતાને વેરીફાઇ કરવામાં આવે ત્યારબાદ તમામ વિદ્યાર્થીઓની યોજનાવાર ઓનલાઇન પ્રપોઝલ બનાવવાની સૂચનાઓ જિલ્લાની SC / ST / OBC કચેરીઓએથી અગાઉ આપવામાં આવેલ છે તેમ છતાં ઘણા આચાર્યશ્રીઓ દ્વારા શિષ્યવૃતિની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ નથી. આમ, તમામ આચાર્યશ્રીઓને વર્ષઃ ૨૦૧૯-૨૦ની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય યોજનાની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરાવવા આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

શાળાકક્ષાએ વિદ્યાર્થીઓની એંટ્રી કરવાની કામગીરી, પ્રપોઝલ બનાવવાની કામગીરી, પ્રપોઝલને ઓનલાઇન સેન્ડ કરવાની કામગીરી સહિતની તમામ કામગીરી તા:૧૫/૦૭/૨૦૨૦ સુધીમાં પૂર્ણ થઇ જાય તે મુજબ આયોજન કરવાનુ રહેશે. વધુમાં, શાળામાં પાત્રતા ધરાવતા કોઇપણ વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત રહી ન જાય તેની પણ કાળજી લેવાની રહેશે. ડિજિટલ ગુજરાત પોર્ટલની કામગીરીને સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ જે તે ખાતાના જિલ્લા અધિકારીશ્રીના સંપર્કમાં રહીને તથા તાલુકા પ્રાથમિક

Scanned by CamScanner

શિક્ષણાધિકારીશ્રીઓને સૂચનાઓ આપી સંબધિતો પાસેથી તાત્કાલિક કામગીરી પૂર્ણ કરવા જણાવામાં આવે છે.

વધુમાં, વર્ષ: ૨૦૧૯-૨૦થી તમામ જિલ્લાઓમાં E-Kuber પધ્ધતિનુ ઇમ્પ્લીમેન્ટેશન શરૂ થયેલ હોય જે વિદ્યાર્થીઓના ખાતા Dormant / Freeze / Inactive થયેલ હશે કે જે વિદ્યાર્થીઓની બેંક ખાતા/IFSC Code ની વિગતો ખોટી નાખવામાં આવેલ હશે તેવા વિદ્યાર્થીઓને અગાઉની પધ્ધતિ મુજબ બેંક ડ્રાફ્ટ મળી શકશે નહિ તે અંગેની જાણ સંબધિત આચાર્યશ્રીને કરવાની રહેશે.

જે વિદ્યાર્થીઓના ખાતા Dormant / Freeze / Inactive થયેલ હશે કે જે વિદ્યાર્થીઓની બેંક ખાતા/IFSC Code ની વિગતો ખોટી નાખવામાં આવેલ હશે તેની વિગતો જે તે આચાર્યશ્રીએ શાળાના લોગીનમાં જઇ ને Utility ➔ Update Payment Failed Student Account મેનુમાંથી સુધારવાની રહેશે અને હાયર ઓથોરીટીને સેન્ડ કરવાની રહેશે. (જે વિદ્યાર્થીઓના ખાતા Dormant / Freeze / Inactive થયેલ હોય તેવા વિદ્યાર્થીઓના ખાતા સંબધિત બેંકનો સંપર્ક કરી Active કરાવવાના રહેશે. જો ખાતા Active કરાવ્યા વગર ફરી હાયર ઓથોરેટીને સેન્ડ કરી દેવામાં આવશે તો તેવા વિદ્યાર્થીઓને ફરી ઓનલાઇન પેમેન્ટ થઇ શકશે નહિ.

વધુમાં, વિદ્યાર્થીઓના બેંક ખાતાની વિગતો સમયમર્યાદામાં સુધારવામાં આવશે નહિ તો તેવા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનુ ચુકવણું થઇ શકશે નહિ તે અંગેની માહિતી તમામ આચાર્યશ્રીઓને તાત્કાલિક આપવાની રહેશે અને સમયમર્યાદામાં આવા વિદ્યાર્થીઓના ખાતાની વિગતો અપડેટ થઇ જાય તે મુજબનુ આયોજન કરવાનું રહેશે. આમ, તમામ જિલ્લા અધિકારીશ્રીઓને ઉક્ત તમામ બાબતો ધ્યાને લઇ સમયમર્યાદામાં દરખાસ્તો મોકલી આપવા તેમજ વિદ્યાર્થીઓના ખાતા અપડેટ કરવા અંગેની કામગરીનું આયોજન કરવા જણાવવામાં આવે છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રને ધ્યાને લઇ આપના હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓને આપની કક્ષાએથી જરૂરી સુચના આપવાની રહેશે.

બિડાણઃ- સંદર્ભિત પત્ર.

સંયુકત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

**નકલ રવાના જાણ સારૂ . .**

- માન. અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર
- માન.સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, બ્લોકનં.૪/૨,ડો.જીવરાજ મહેતા ભવન, ગુ.રા.ગાંધીનગર

Scanned by CamScanner

ખાસ જરૂરી

નં.અજાક/ગ-૧/૫/૨૦-૨૧/ 3365
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
E-mail: dd1-dscw@gujarat.gov.in
ફોન: ૦૭૯-૨૩૨ ૫૩૨૪૩
તા.03/07/2020

પ્રતિ,
નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણ,
બ્લોકનં: ૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
જિ. ગાંધીનગર

વિષય:- Digital Gujarat Portal પરની વર્ષ: ૨૦૧૯-૨૦ની SC / ST / OBC વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક મેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય યોજનાઓની કામગીરી પૂર્ણ કરવા બાબત (ધોરણ:૧ થી ૮)

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તથા આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર હસ્તકની વર્ષ:૨૦૧૯-૨૦ ની SC / ST / SEBC/ EBC / NT-DNT / Minority જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય યોજનાઓનો અમલ Digital Gujarat Portal પર શાળાના આચાર્યશ્રીઓ પાસેથી ઓનલાઇન દરખાસ્તો મંગાવી કરવામાં આવેલ છે. પ્રાથમિક / માધ્યમિક શાળાઓએ વિદ્યાર્થીઓની એંટ્રી ઉક્ત પોર્ટલમાં કરી પ્રપોઝલ બનાવી સંબધિત જિલ્લા કચેરીઓને મોકલી આપવાની હોય છે.

ઉક્ત બાબતે તા:03/07/2020ના રોજ માન. અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના અધ્યક્ષ સ્થાને બેઠક મળેલ હતી જેમા માન અગ્ર સચિવશ્રીએ વર્ષ: ૨૦૧૯-૨૦ અંતર્ગત જે વિદ્યાર્થીઓની પ્રપોઝલ શાળા કક્ષાએથી મળેલ નથી તે તાત્કાલિક શિક્ષણ વિભાગના સંકલનમાં રહી ઓનલાઇન મંગાવી લેવા જણાવેલ છે. આમ ઉક્ત કામગીરી તમામ આચાર્યશ્રીઓ ઝુંબેશના ભાગ રૂપે સમય મર્યાદામાં કરે તે માટે આપની કક્ષાએથી તમામ સંબધિતોને સુચના આપવા નમ્ર વિનંતી છે. આપની કક્ષાએથી આપવાની થતી સૂચનાનો ડ્રાફ્ટ મુસદ્દો આ સાથે સામેલ કરેલ છે વિદિત થાય.

નિયામક
અનુસુચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

Scanned by CamScanner